**—: આંક—૫ લગત હુકમ :—**

।૧। વાદીએ આ કામના પ્રતિવાદીઓ સામે વિજ્ઞાપન તથા કાયમી તાકીદ મેળવવા તથા પાર્ટીશન સ્યુટ તથા તેને લગતી આનુસાંગીક દાદ મેળવવા માટેનો દાવો દાખલ કરેલ છે. તે સાથે આ કામે દાવાવાળી જગ્યા પરત્વે કામચલાઉ મનાઈ હુકમની અરજી દાખલ કરેલ છે. તે અરજીની ટુંકમાં હકીકત મુજબ પ્રતિવાદી નં.૧ વાદીના માતૃશ્રી થાય છે, પ્રતિવાદી નં.૨ થી ૪ વાદીના ભાઈ થાય છે તેમજ પ્રતિવાદી નં.૫ તથા ૬ વાદીના બહેનો છે. પક્ષકારો સ્વ.લાલજીભાઈ અંબાવીભાઈ ભુતની પાસે આવેલ જમીનોના ભાગ પાડયા બાદ વડીલોપાર્જીત મિલ્કતની ખેતીની જમીન માણાવદર તાલુકાના કોઠારીયા ગામે ખેડખાતા નં.૧૧૪ જેના જુના સર્વે નં.૫૩, ૫૪ અને ૫૫ છે જેના નવા સર્વે નં.૨૩૮ ના હે.આરે.૧—૦૯—૦૨ તથા સર્વે નં.૨૩૯ ના હે.આરે.૧—૨૧—૭૧ તથા સર્વે નં.૨૪૨ ના હે.આરે.૦—૯૭—૮૫ ની જમીન હૈયાતી સુધી ખેડી ખાવા માટે રાખવામાં આવેલ. વાદીના પિતાશ્રીનું અવસાન સને ૧૯૯૯ ની સાલમાં થયેલ તે બાદ પ્રતિવાદી નં.૧ ના વાદીના માતૃશ્રી પોતાની મરજી મુજબ અલગ અલગ જગ્યાએ સાથે રહેતા હતા અને પ્રતિવાદી નં.૧ ના જામનગર મુકામે વાદી સાથે પણ રહેલા અને તેને સીટીમાં ફાવતું ન હોય પરત કોઠારીયા મુકામે આવતા રહેલ અને પ્રતિવાદી નં.૪ ના સાથે પણ કહેતા પરંતુ વાદીના પિતાશ્રીના અવસાન બાદ તેની જમીનના કોઈ ભાગ પડેલ નથી અને આજની તારીખે પણ સર્વે નં. ૫૩, ૫૪ અને ૫૫ ની જમીન મજીયારી છે અને વડીલોપાર્જીત છે અને પ્રતિવાદી નં.૧ ને તે જમીન કોઈને પણ ટ્રાન્સફર કરવાની કે બીજી અન્ય કોઈપણ રીતે મિલ્કતના માલીકી હકકમાં ફેરફાર કરવાના હકક કે અધિકાર નથી અને વાદગ્રસ્ત જમીન વડીલોપાર્જીત હોય અને સ્વ.લાલજી અંબાવી ભુતના વાદી સીધીલીટીના કુલ ૭ વારસદાર હોય દરેકનો ૧/૭ ભાગ રહે છે. પ્રતિવાદી નં.૧

નાએ વાદગ્રસ્ત જમીન પોતાના નામે કરાવી લેવા મામલતદારશ્રી માણાવદર રૂબરૂ અરજ અહેવાલ કરતા અને તે અંગેની નોટીસ પણ બધા પ્રતિવાદીઓને અલગ અલગ ગામે રહેતા હોય ત્યા બજાવવાને બદલે કોઠારીયાનું સરનામુ બતાવી વાદીની જાણ બહાર જમીન નામે કરાવી લેવા કોશીષ કરતા અને તે અંગેની સમગ્ર કાર્યવાહી પ્રતિવાદી નં.૨ના કરતા હોય અને તેથી નોટીસ નીકળેલ છે તેની જાણ થતા વાદીએ પ્રતિવાદી નં.૧ તથા ૨ નો સંપર્ક કરતા પ્રતિવાદી નં.૨ ના જમનાદાસભાઈએ જણાવી દીધેલ કે આ જમીન બા ના નામે કરાવી તેમની પાસેથી લખાવી લેવી છે તેમાં તમને કોઈ ભાગ આપવો નથી, તમારાથી થાય તે કરી લેજો તેમજ તે અંગે પ્રતિવાદી નં.૧ ના પણ પ્રતિવાદી નં.૨ ના સહકાર આપતા હોય તેથી આ દાવાનું કારણ સતત રીતે નામ.અદાલતની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે. વાદીનો પ્રથમર્દનીય કેસ છે. જો પ્રતિવાદી નં.૧ ના તે જમીન અન્યને વેચાણ કરી નાંખે કે કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કે માલીકી હકક અંગે ખોટા લખાણો ઉભા કરે તો નાણાંમાં ન પુરી શકાય તેવું વાદીને નુકશાન થાય તેમ છે. સગવડતા અગવતાની દ્રષ્ટિએ પણ પ્રતિવાદીને કાઈપણ નુકશાન નથી. જો મનાઈ હુકમ આપવામાં ના આવે તો દાવાનો કોઈ અર્થ રહે તેમ નથી અને મલ્ટીપ્લીસીટી ઓફ ધ સ્યુટ થાય તેમ છે.વાદીએ પ્રતિવાદીઓ જાતે, એજન્ટો કે મુખત્યારો કે અન્ય કોઈ મારફતે વાદગ્રસ્ત ખેડવાણ જમીન જેની ચાર દિશા દાવા અરજી પારા ૫, ૬ માં જણાવેલ છે તે જમીનનું દાવો ચાલતા સુધી અન્ય કોઈને વેચાણ કરે નહી કે કોઈપણ રીતે ટ્રાન્સફર કરે નહી તે મતલબના કોઈપણ લખાણો કરે કરાવે નહી તેવો દાવો ચાલતા સુધી હંગામી મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

।૨। વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજીના સમન્સ/નોટીસની પ્રતિવાદીઓને કાયદેસર બજવણી કરવામાં આવતા આ કામના પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૫ તથા ૬ ના તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ

અને આંક–૪૦ થી વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી સંબંધે જવાબ તેમજ વાંધા રજુ કરી વાદીની દાવા તથા મનાઈ અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદી વર્ષોથી કોઠારીયામાં રહેતા નથી, પહેલેથી જ અભ્યાસ માટે બહાર જતા રહેલ છે અને બી.ફાર્મ સુધી અભ્યાસ કરી સીધા જામનગર જતા રહેલ અને દવાનો વેપાર કરે છે. સ્વ.લાલજીભાઈ અંબાવીભાઈ ભુતે તેની હૈયાતીમાં સર્વે નં.૫૮ ની એ.૩૨–૦૧ ગુઠા જમીનની જે કોઠારીયા સીમતળમાં આવેલ હતી તે ૮૦ વિઘાના ચાર સરખા ભાગ ચારેય દીકરીને પાડીને સને ૧૯૬૭–૬૮ માં જ આપી દીધેલ અને બધા પુત્રોને ૨૦ વિઘા લેખે ભાયે ભાગની જમીન આપી દીધેલ અને ત્યારથી સ્વ.લાલજી અંબાવીથી તમામ પુત્રો અલગ થઈ સ્વતંત્ર રહે છે અને સ્વ.લાલજી અંબાવીને જે રોકડ ભંડોળમાં મુડીના સ્વરૂપમાં જમીનના હિસ્સા પેટે ભાગ આપેલ તેમજ સ્વ.લાલજી અંબાવી પાસે જે જમીન પોતે ખરીદ કરેલ તેના સ્વ ભંડોળમાંથી ખરીદ કરેલ જે સર્વે નં.૫૩, ૫૪, ૫૫ છે જે જુના નંબર જેના નવા સર્વે નં.૨૩૮, ૨૩૯, ૨૪૨ છે. આમ, જુદા થયા પછી પોતાની સ્વતંત્ર ભંડોળમાંથી ખરીદ કરેલ જેથી આ મિલ્કતો તેની સ્વપાર્જીત મિલ્કત છે. સ્વ. લાલજી અંબાવી અવસાન પામ્યા બાદ સર્વે નં.૨૩૮, ૨૩૯ અને ૨૪૨ નો કબજો સ્વ.પાર્વતીબેન પાસે જ હતો અને સ્વ. પાર્વતીબેન તેના પતિના અવસાન પછીથી તરત જ પુત્ર સ્વ.જમનાદાસ ભાઈની સાથે રહેતા હતા અને પાર્વતીબેનના કબજા ભોગવટામાં આવેલ જમીનનો વહીવટ સ્વ.જમનાદાસ કરતા હતા અને સ્વ.પાર્વતીબેનનાની ભરણપોષણની દેખરેખ તથા સેવા ચાકરી તમામ સ્વ.જમનાદાસ તથા તેના કુટુંબના સભ્યો કરતા હતા અને સ્વ.લાલજી અંબાવીની મિલ્કતના એકમાત્ર કાયમી સ્વતંત્ર માલીક સ્વ.પાર્વતીબેન બનેલ. આથી પતિ તરફથી પત્નીને મળેલ સ્વતંત્ર મિલ્કતના માલીક પાર્વતીબેન હોાવથી તેને સ્વ.જમનાદાસ લાલજીની તરફેણમાં વીલ તા.૧૫/૨/૨૦૦૫ કરી આપીને માણાવદર સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજી.દ.નં.૧૫૩/૨૦૦૫ થી નોંધાવી આપેલ

છે. વીલની અંદર લખેલ હકીકત જોતા સ્વ.પાર્વતીબેન કયા રહેતા, કોણ લાલન–પાલન કરતા તે લખીને ગયા છે. વાદીને તેના માતૃશ્રી પ્રત્યે કોઈ લાગણી ન હતી. વાદી અને પ્રતિવાદી નં.૩ થી ૫ ના મીલાપી થઈને ખોટો દાવો કરેલ છે. અગાઉ રે.દિ.કે.નં.૧૧૬/૨૦૦૧ થી સ્વ.જમનાદાસભાઈના ભાગની જમીનમાં પ્રતિવાદી નં.૪ દખલગીરી કરતા તેની સામે દાવો કરેલ જેનો ઠરાવ પ્રતિવાદી નં.૨ ના પિતાશ્રી સ્વ.જમનભાઈની તરફેણમાં આવેલ. તે બાદ પ્રતિવાદી નં.૪ નાએ સ્વ.પાર્વતીબેન સાથે માથાકુટ કરેલ અને સ્વ.પાર્વતીબેન પ્રતિવાદી નં.૨ ના (દાદી)માની સ્વતંત્ર માલીકીની કાયમી માલીકીની પણ ભરણપોષણની જમીનમાં પણ અડચણ અટકાયત દખલગીરી કરતા સ્વ.પાર્વતીબેનને દાવો કરવાની ફરજ પડતા રે.દિ.કે.નં.૪૩/૦૫ થી દાવો કરેલ તેમાં પણ પ્રતિવાદી નં.૪ ના હારી ગયેલ અને નામ.હાઈકોર્ટ સુધી અપીલો કરેલ તેમાં નામ.હાઈકોર્ટમાં તો પ્રાથમિક હીયરીંગ કરીને અપીલ દાખલ કરવા જેવી નથી અને ભાગ માંગવાનો કોઈને અધિકાર રહેતો નથી,સર્વે નં.૫૮/૧ ની જમીનમાંથી બધાને ભાગ આપી દીધેલ છે. વાદી તથા પ્રતિવાદી નં.૪ ને ભણાવી ગણાવી તમામ વારસોને પરણાવીને પછી સને ૧૯૬૭–૬૮ માં તમામ પુત્રોને સ્વ.લાલજી અંબાવી પાસ આવેલ ૮૦ વિઘા જમીનના ભાગ પાડીને ૨૦ વિઘા લેખે દરેક પુત્રોને જમીન આપી દીધેલ. દરેક પોત પોતાની રીતે સને ૧૯૬૭–૬૮ થી ભાગ લઈ અલગ જતા રહયા ત્યારે પરસોતભાઈ આજની તારીખે કુંવારા છે એટલે સ્વ.લાલજીભાઈ અને પાર્વતીબેન પુત્ર ઉપર લાગણીના કારણે સાથે રાખીને તેનું ભરણપોષણ કરતા હતા તેમ છતાં પરસોતમભાઈનું વર્તન તેના માતા–પિતા પ્રત્યે બેહુદુ અને અશોભનીય રહેતું અને પોતાની મરજી પડે ત્યા રખળતા રહેતા જેના કારણે ખરાબ સંગ દોષમાં આવી ગયેલ આથી તેના ભાગે આવેલ જમીન કોઈ નબળા વ્યકિતને વેચી નાખે અને તે બીજા ભાઈઓને નડતર બને નહી તેવા શુભ આશયથી સ્વ.લાલજી અંબાવીએ તા.૩૧/૩/૧૯૯૭ માં રજી.દ.નં.૪૨૨ થી રૂા.૬૦,૦૦૦/– માં જમીન ખરીદી

લીધી અને આ રીતની પરિસ્થિતિ હોવા છતાં પરસોતમભાઈ સને ૨૦૦૧ થી જોહુકમી અને દાદાગીરીથી સ્વ.જમનભાઈના ભાગની તથા સ્વ.લાલજી અંબાવીએ ખરીદ કરેલ તમામ જમીન વાવતા ખેડતા અને હીરાભાઈ અને અરવિંદભાઈની જમીન ભાગ્યા તરીકે રાખીને ખેડે છે. પ્રતિવાદી નં.૪ ની સાથે વાદી સંકળાયેલ છે, પરસોતમભાઈએ જ આ દાવો હીરાભાઈને ચડાવીને કરાવેલ છે. કાયદા મુજબ હિન્દુ સંદાયદ ગણનો કોઈપણ સભ્ય પોતાનો હિસ્સો લઈને અલગ થઈ જાય જેથી અલગ થયા બાદ કોઈપણ મિલ્કત વસાવવામાં આવે તેમાં તે સભ્યનો કે તેના કોઈપણ વારસોનો કોઈ હકક, હિત, હિસ્સો માંગવાનો હકક, અધિકાર રહેતો નથી કે માગી શકે નહી. દાવાવાળી જમીન સ્વ.પાર્વતીબેનના કબજા ભોગવટાની છે અને તેના પતિની સ્વપાર્જીત હોય તે બાબત વાદી પ્રથમથી જ જાણે છે. વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ ન હોય કે વાદીને નાણાંમાં ન પુરી શકાય તેવી કોઈ નુકશાની નથી કે હાડમારી નથી, જેથી વાદીની વચગાળાની મનાઈ હુકમની અરજી ખર્ચ સહીત રદ્દ કરવા અરજ કરેલ છે.

।૩। આ કામના પ્રતિવાદી નં.૩ થી ૫ તરફે આંક–૪૫ થી વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીના વાંધા રજુ કરી વાદીની મનાઈ અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી જણાવેલ છે કે, તેઓના ગુજરનાર માતૃશ્રી પાર્વતીબેનની તેમના મૃત્યુ સુધી તબીયત નાજુક રહેતી હોવાથી અને હાલના દાવા પ્રતિવાદી નં.૪ અપરણીત છે તેથી તેમજ વાદી જામનગર મુકામે રહેતા હોઈ તેઓના ગુજ.માતૃશ્રી પાર્વતેબીન હાલના દાવાના ગુજ.પ્રતિવાદી નં.૨ સાથે રહેતા હતા. ગુજ.માતૃશ્રી પાર્વતીબેનની માંદગી અને વૃધ્ધાવસ્થાનો ગેરલાભ ઉઠાવી ગુજ.પ્રતિવાદી નં.૨ ના જમનાદાસભાઈએ વાદગ્રસ્ત મિલ્કતનું પોતાની તરફેણમાં એક "શામ" વીલ ગુજ.પાર્વતીબેન પાસેથી કરાવી લીધેલ છે. જો કે પ્રવર્તમાન કાયદાની જોગવાઈ મુજબ જયા સુધી કોઈપણ વીલનું સક્ષમ અદાલત

દવારા પ્રોબેટ મંજુર કરવામાં ન આવે ત્યા સુધી આ વીલના ધારણ (વીલ જેની તરફેણમાં છે તે) જે તે વીલ વાળી મિલ્કતના માલીક બનતા નથી તેમજ મિલ્કતનો ખરો માલીક પણ પોતાની સંપુર્ણ મિલ્કતનું વીલ દવારા હસ્તાંતર કરી શકતા નથી તેમજ હિન્દુ લોની જોગવાઈ મુજબ પ્રતિવાદીઓનો જન્મથી જ વાદગ્રસ્ત મિલ્કતમાં હકક, હિત ઉભો થયેલ છે. રે.દિ.મુ.નં.૩૪/૦૫ નું જે હુકમનામુ નામ.ગુજરાત હાઈકોર્ટ સુધી કન્ફર્મ રહેલ છે તે અંગેના તમામ લીગલી પ્રોસીડીગ્સમાં પ્રતિવાદીઓ તેમજ હાલના વાદી ટુંકમાં ગુજ.લાલજીભાઈ અંબાવીભાઈ ભુતના તમામ સીધીલીટીના વારસદારો જરૂરી પક્ષકાર હોવા છતાં જાણી જોઈને મલીન ઈરાદા સાથે ફકતને ફકત વાદગ્રસ્ત મિલ્કતમાંથી પ્રતિવાદીઓનો રાઈટ ડેફીટ કરવા માટે ગુજ.પ્રતિવાદી નં.ર જમનાદાસભાઈએ લીગલ બ્રેઈનના ફળદ્રુપ ભેજાની ઉપજ મુજબ ગુજ.પાર્વતીબેનને અંધારામાં રાખી પ્રતિવાદીઓને આ તમામ પ્રોસીડીંગ્સમાં પક્ષકાર તરીકે જોડેલ નથી અને આમ કરી નામ.કોર્ટને મીસગાઈડ કરે છે અને તેથી રે.દિ.મુ.નં.૩૪/૦૫ વાળા દિવાની દાવાના રેકર્ડ પર સત્ય હકીકત આવી શકેલ નથી અને હાલના દાવાનો પ્રતિવાદીઓને સમન્સ નોટીસ મળતા રે.દિ.મુ.નં.૩૪/૦૫ ના તથા અન્ય દિવાની દાવાના સાધનીક પેપર્સો કઢાવી તેનો અભ્યાસ કરતા હાલમાં જ વાદગ્રસ્ત મિલ્કતના તમામ પ્રોસીડીંગ્સની જાણ થયેલ છે.

I ૪ I આ કામના પ્રતિવાદી નં.૪ તરફે આંક–૪૯ થી વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીના વાંધા રજુ કરી વાદીની દાવા તથા મનાઈ અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે,વાદી વર્ષોથી જામનગર મુકામે રહે છે અને પ્રતિવાદી નં.૧, ર તથા ૪ ના માણાવદર મુકામે તથા કોઠારીયા મુકામે રહેતા હોય અને માતૃશ્રી પાર્વતીબેનની ખેડી ખાવા સંયુકત મિલ્કતમાંથી વાદગ્રસ્ત મિલ્કત આવેલી તે મિલ્કત પ્રતિવાદી નં.૪ તથા નં.ર ની ભવિષ્યમાં માલીકીની રહે અને બાકીના પક્ષકારોને કોઈ ભાગ ન

મળે તે રીતેની ગોઠવણ કરવાના હેતુથી પ્રતિવાદી નં.ર નાએ વકીલની સલાહ લઈ દાવા દુવી કરેલા અને પ્રતિવાદીએ પણ કરેલા પરંતુ તેમાં બાકીના સહ હિસ્સેદારોને કયારેય જોડેલા નથી. જમનભાઈની હૈયાતીમાં તેમની નિતી ફરી જતા પ્રતિવાદીની જાણ બહાર ઉપરોકત જમીન એકલા પચાવી પડાવાના હેતુથી હાઈકોર્ટની મેટર પુર્ણ થયા બાદ મિલ્કતના માલીક પાર્વતીબેન બનેલા તે બાદ પાર્વતીબેન ગુજરી જાય અને સદરહુ મિલ્કત તમામ વારસદારોની સંયુકત માલીકીની ન બને તે હેતુથી ગુજરનાર જમનાદાસભાઈએ પ્રતિવાદીની જાણ બહાર પાર્વતીબેનની વૃધ્ધ અવસ્થા અને બિમારીનો ગેરલાભ લઈ વાદગ્રસ્ત મિલ્કતનું બક્ષીસ ખત તથા અન્ય કાગળો ઉભા કરેલા છે. કાયદા મુજબ પ્રતિવાદીની જાણ બહાર અગાઉ વીલ સને ર૦૦પ ની સાલમાં તેઓ વચ્ચે વિવાદ ચાલતો હતો ત્યારે કોઈ પ્રોસીડીંગમાં કયારેય દસ્તાવેજ અનુ.નં.૧પ૩, તા.૧પ/ર/ર૦૦પ ના વીલની કોઈ જાહેરાત કરેલ નથી તેમજ સમગ્ર દાવાઓ માતૃશ્રી પાર્વતીબેન બિમાર હોય મુખત્યાર તરીકે જમનભાઈએ તેના પુત્ર હરીશભાઈ મારફતે પોતે ચલાવેલ છે, પાર્વતીબેન કયારેય કોઈ અદાલતમાં જુબાની આપવા આવેલ નથી અને ઉપરોકત વીલમાં પાર્વતીબેન જે તે વખતે વીલ કરવા સક્ષમ હતા તેવા કોઈ ડોકટરની સહી કે પ્રમાણપત્ર લીધેલ નથી. વળી તે વીલ કરવા પાર્વતીબેન હકકદાર પણ ન હતા. તે વીલના સ્ટેમ્પ પણ પ્રતિવાદી નં.ર ના જમનભાઈ પોતે જ લાવેલ છે અને પોતાની તરફેણમાં સાક્ષીઓ રાખી નોંધાવેલ છે જે વીલ બિમારીનો ગેરલાભ ઉઠાવી લાચારીનો લાભ ઉઠાવીને કરેલ છે અને તે વીલ પણ ભવિષ્યે ટકી નહી શકે તેવદું લાતા જરૂર ન હોવા છતાં મિલ્કત પચાવી લવાના હેતુથી પાર્વતીબેનની કોઈપણ જાતની સહી વગર બક્ષીસખત દસ્તાવેજ અનુ.નં.૬૧પ, તા.૩૦/૬/ર૦૧૭ નું પોતાના પુત્ર હરીશકુમાર પાસેથી કરાવેલ છે. આ વીલ કે બક્ષીસ ખત દસ્તાવેજ અંગે પ્રતિવાદીને કોઈ માહિતી આપેલ નથી અને પ્રતિવાદીની જાણ બહાર તેમનો હકક કાઢી નાંખવાના હેતુથી કરેલ છે.

।૫। વાદીએ દાવા સાથે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

માર્ક ૪/૧: ખાતા નં.૧૧૪ ની ૮–અ ની પ્રમાણીત નકલ.

માર્ક ૪/૨: સર્વે નં.૨૩૮ જુનો સર્વે નં.૫૪ ની ૭–૧૨ ની પ્રમાણીત નકલ.

માર્ક ૪/૩: સર્વે નં.૨૩૯ જુનો સર્વે નં.૫૫ ની ૭–૧૨ ની પ્રમાણીત નકલ.

માર્ક ૪/૪: સર્વે નં.૨૪૨ જુનો સર્વે નં.૫૩ ની ૭–૧૨ ની પ્રમાણીત નકલ.

।૬। પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૫ તથા ૬ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

માર્ક ૪૨/૧: રે.દિ .મુ.નં.૧૧૬/૦૧ ના કો વાદીના પુરાવાના સોગંદનામાની ખરી નકલ.

માર્ક ૪૨/૨: ગામ નમુના નં.૬ હકકપત્રક.

માર્ક ૪૨/૩: રે.દિ.મુ.નં.૧૧૬/૦૧ ના કામે પ્રતિવાદીના પુરાવાના સોગંદનામાની ખરી નકલ.

માર્ક ૪૨/૪: રે.દિ.મુ.નં.૧૧૬/૦૧ ના ઠરાવની ખરીનકલ.

માર્ક ૪૨/૫: રે.દિ.મુ.નં.૪૩/૦૫ ના કામે વાદી કુ.મુ. દરજ્જે આપેલ પુરાવાના સોગંદનામાની ખરી નકલ.

માર્ક ૪૨/૬: રે.દિ.મુ.નં.૪૩/૦૫ ના કામે વાદી તરફે કંચનબેન શાંતીલાલ જસાણીએ કરી આપેલ સોગંદનામાની ખરી નકલ.

માર્ક ૪૨/૭: રે.દિ.મુ.નં.૪૩/૦૫ ના કામે વાદી તરફે લલીતાબેન જયસુખલાલ ભેંસદડીયાએ કરી આપેલ સોગંદનામાની ખરી નકલ.

માર્ક ૪૨/૮: રે.દિ.મુ.નં.૪૩/૦૫ ના કામે વાદી તરફે મનસુખલાલ કાનજીભાઈ સવસાણીએ કરી આપેલ સોગંદનામાની ખરી નકલ.

માર્ક ૪૨/૯: રે.દિ.મુ.નં.૪૩/૦૫ ના ઠરાવની ખરીનકલ.

માર્ક ૪૨/૧૦ જમીન/આર.ટી.એસ. કેસ નં.૧૦/૨૦૧૬–૧૭ ના કામની વાંધા અરજીની ખરી નકલ.

માર્ક ૪૨/૧૧ ખાતા નં.૧૧૪ ની ૮–અ ની પ્રમાણીત નકલ.

માર્ક ૪૨/૧૨ રે.દિ.અપીલ નં.૯૪/૧૩ ના ઠરાવની ખરી નકલ.

માર્ક ૪૨/૧૩ નામ.હાઈકોર્ટના સેકન્ડ અપીલ નં.૩૧૮/૧૬ ના ઓરલ જજમેન્ટની નકલ.

માર્ક ૪૨/૧૪ વીલ યાને વસીયતનામાની નકલ.

માર્ક ૪૨/૧૫ વીલની રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચની નકલ.

માર્ક ૪૨/૧૬ બક્ષીસ દસ્તાવેજની નકલ.

માર્ક ૪૨/૧૭ બક્ષીસ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચની નકલ.

માર્ક ૪૨/૧૮ ખાતા નં.૫૫૩ ની ૮–અ ની પ્રમાણીત નકલ.

માર્ક ૪૨/૧૯ સર્વે નં.૨૩૮ ની ૭–૧૨ ની પ્રમાણીત નકલ.

માર્ક ૪૨/૨૦ વાદીએ રે.દિ.મુ.નં.૪૩/૦૫ ના કામે આપેલ સોગંદનામાની નકલ.

I ૭ I આ કામે પ્રતિવાદી નં.૧,૩,૪ અને ૫ તરફે કોઈ જ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

I ૮ I આ કામે વાદી તરફે વિ.વકીલશ્રી એ.પી.ગાથાની દલીલો સાંભળી, પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૫ તથા નં.૬ તરફે આંક–૫૨ થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે લીધી, પ્રતિવાદી નં.૪ તરફે વિ.વકીલશ્રી વી.બી.પનારાની દલીલો સાંભળી.

I ૯ I ઉપરોકત હકીકતોએ સદર અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

–: મુ દા :–

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાંણાના સ્વરુપમાં ન નીવારી શકાય તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

।૧૦। ઉપરોકત મુદાઓનો મારો નિર્ણય કારણો સહીત નીચે મુજબ છે.

મુદા નં.૧ નકારમાં

મુદા નં.૨ નકારમાં

મુદા નં.૩ નકારમાં

મુદા નં.૪ આખરી હુકમ મુજબ.

## –: કા ર ણો :–

**મુદા નં.૧ થી ૪ :–**

આ તમામ મુદાઓની ચર્ચા એકબીજા ઉપર આધારીત હોય, અવાર નવાર હકીકતોનું પુનરાવર્તન ટાળવા તમામ મુદાઓની ચર્ચા સાથે કરવામાં આવેલ છે.

।૧૧। વાદીની મનાઈ અરજીની હકીકત મુજબ આ કામના પક્ષકારોની વડીલોપાર્જીત મિલ્કત સ્વ.લાલજીભાઈ અંબાવીભાઈ ભુતની પાસે આવેલ જમીનના ભાગ પાડયા બાદ માણાવદર તાલુકાના કોઠારીયા ગામે સર્વે નં.૨૩૮ તથા સર્વે નં.૨૩૯, ૨૪૨ તેમની હૈયાતી સુધી ખેડી ખાવા માટે રાખવામાં આવેલ તેમજ વાદીના પિતાનું અવસાન સને ૧૯૯૯ માં થતા તે પછી પ્રતિવાદી નં.૧ ના માતૃશ્રી અલગ અલગ જગ્યાએ રહેતા હતા અને પ્રતિવાદી નં.૧ ના જામનગર મુકામે તેમની સાથે પણ રહેલ અને પ્રતિવાદી નં.૪ સાથે પણ રહેલા તેમજ આજની તારીખે પણ સર્વે નં.૫૩, ૫૪ અને ૫૫ વાળી જમીનો

વડીલોપાર્જીત અને મજીયારી હોય પ્રતિવાદી નં.૧ ને તે જમીન કોઈને પણ ટ્રાન્સફરકરવાના કે ફેરફાર કરવાના હકક,અધિકાર નથી તેમજ પ્રતિવાદી નં.૧ ના માતૃશ્રીની તબીયત હાલમાં સારી રહેતી ન હોય તેમજ પ્રતિવાદી નં.૪ ના અપરણીત હોય વાદી જામનગર મુકામે રહેતા હોય આ સંજોગોનો લાભ લઈ પ્રતિવાદી નં.ર ના અમારા માતૃશ્રીને સેવા કરવાના બહાને લઈ ગયેલ હોય તેમજ દાવાવાળી મિલ્કત પચાવી પાડવાના કૃત્ય સામે વાદીએ હાલની મનાઈ અરજી દાખલ કરેલ છે.

ાા૧૧.૧ાા જયારે પ્રતિવાદી નં.ર/૧ થી ર/પ તથા નં.૬ નાએ આંક–૪૦ થી દાવા અરજીનો સઘળી હકીકતોનો ઈન્કાર કરતો લેખિત જવાબ આપેલ છે. તે મુજબ પારા–૩ અંગેની હકીકત મુજબ સ્વ.લાલજીભાઈ અંબાવીભાઈ ભુતે તેની હૈયાતીમાં સર્વે નં.પ૮ ની જમીનની કોઠારીયા સીમતળમાં આવેલ તે ૮૦ વિઘાના ચાર ભાગ ચારે દીકરીને પાડીને ૧૯૬૭–૬૮ માં આપી દીધેલ અને બધા જ પુત્રોને ર૦ વિઘા લેખે ભાયેભાગની જમીન આપી દીધેલ, ત્યારથી લાલજી અંબાવીથી તમામ પુત્રો જુદા રહે છે અને જે જમીન રોકડ ભંડોળના મુડી સ્વરૂપના હિસ્સા પેટે ભાગે આપેલ તેમજ લાલજી અંબાવી પાસે જે જમીન પોતે ખરીદ કરેલ તેના સ્વભંડોળમાંથી ખરીદ કરેલ છે જે સર્વે નં.પ૩, પ૪, પપ છે. જેથી તે જમીન સ્વપાર્જીત આવેલ છે. વધુમાં લાલજી અંબાવી અને તેમના પત્ની પાર્વતીબેન સ્વતંત્ર રહી ખેતીની જમીનમાંથી જીવન નિર્વાહ કરતા હતા તેમજ પાર્વતીબેનને મળેલ જમીન અંગેનું વીલ તા.૧પ/ર/ર૦૦પ ના રોજ માણાવદર સબ રજીસ્ટ્રારમાં ૧પ૩/ર૦૦પ થી નોંધાવેલ છે. વધુમાં અગાઉ રે.દિ.મુ.નં. ૧૧૬/૦૧ થી જમનાદાસભાઈના ભાગની જમીનમાં પ્રતિવાદી નં.૪ દખલગીરી કરતા તેની સામે દાવો કરતા તેનો હુકમ પ્રતિવાદી નં.ર ના પિતાશ્રી જમનભાઈની તરફેણમાં આવેલ તેમજ સ્વ.પાર્વતીબેન પ્રતિવાદી નં.ર ની સ્વતંત્ર માલીકીની કાયમી ભરણપોષણની જમીનમાં દખલગીરી કરતા સ્વ.પાર્વતીબેને રે.દિ.મુ.નં.૪૩/૦પ થી દાવો કરતા તેમાં પણ પ્રતિવાદી નં.૪ વિરૂઘ્ધ હુકમ

થયેલ. જેથી સર્વે નં.૫૮/૧ વાળી જમીનમાંથી બધાને ભાગ મળી ગયેલ હોય તેમાં કોઈનો હકક રહેતો નથી તેમજ હાલના પ્રતિવાદી નં.૪ નાઓએ અન્ય પ્રતિવાદી સાથે મેળાપીપણુ કરી તેમજ અગાઉના દાવામાં ફાવેલ ન હોય તેમજ હિન્દુ કાયદા મુજબ કોઈ હકક, હિસ્સો અધિકાર ના આવેલ હોવા છતાં તેમજ ખોટી હકીકતો ઉપજાવી ખોટો દાવો કરેલ હોય રદ્દ કરવા જણાવેલ છે.

I ૧૧.૨ I જયારે આંક–૪૫ થી પ્રતિવાદી નં.૩ તથા ૫ એ વાદીને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે. વધુમાં તેમના માતૃશ્રી પાર્વતીબેનની માંદગી અને વૃધ્ધાવસ્થાનો ગેરલાભ લઈ પ્રતિવાદી નં.૨ નાએ પોતાની તરફેણમાં ખોટું વીલ કરાવેલ હોય તેમજ અન્ય પક્ષકારોને આ દાવામાં યોગ્ય રીતે જોડેલ ન હોય તેમના જવાબના પેરા–૬ માં વાદીની દાવા અરજીની હકીકતોને એડોપ્ટ કરેલ હોવાનું જણાવે છે.

I ૧૧.૩ I જયારે આંક–૪૯ થી પ્રતિવાદી નં.૪ નાઓએ તેમના માતૃશ્રી જામનગર મુકામે વાદી સાથે રહેતા હતા અને પ્રતિવાદી નં.૨ ના જમનભાઈ અમારા માતૃશ્રીને સેવા કરવાના બહાને લઈ ગયેલ હોય તેમજ પ્રતિવાદી નં.૪ અપરણીત હોય તેમજ તેમની માતાને તેમના ઉપર દયા અને લાગણી હોય પ્રતિવાદી નં.૨ નાએ તેનો ગેરલાભ લઈ ખોટું વીલ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ દાવાવાળી મિલ્કતમાંથી અમારો કોઈ ભાગ ન રહે તે રીતે કાયદાકીય ગોઠવણ કરી અમારા હકકોને પચાવી પાડવાના હેતુથી તેમજ પાર્વતીબેન ગુજરી જાય અને તે તમામ મિલ્કત જમનાદાસભાઈએ તમામ પક્ષકારોની જાણ બાર વાદગ્રસ્ત મિલ્કતનું બક્ષીસખત તથા અન્ય કાગળો ઉભા કરેલ છે તેમજ અગાઉના કોઈપણ પ્રોસીડીંગમાં અનુ.નં.૧૫૩ થી નોંધાયેલ કોઈપણ દસ્તાવેજની જાહેરાત કરેલ નથી તેમજ સદર દસ્તાવેજનો સ્ટેમ્પ જમનભાઈ પોતે જ લાવેલ છે અને પોતાની તરફેણના સાક્ષીઓ રાખી નોંધાવેલ છે જે વીલ બીમારીનો ગેરલાભ ઉઠાવી ખોટી રીતે કરેલ છે તેમજ અગાઉના રે.દિ.મુ.નં.૪૩/૦૫ નો હુકમ હાઈકોર્ટ સુધી કન્ફર્મ રહેલ અને તેના આધારે

ગુજરનાર જમનાદાસભાઈને વાદગ્રસ્ત મિલ્કત પરત્વે કોઈ રાઈટ મળે તેમ હોય જેથી પ્રતિવાદી નં.ર તથા તેના વારસોએ ખોટી હકીકતો ઉપજાવેલ છે.

। ૧ર । વાદીએ તેમની મનાઈ અરજીના સમર્થનમાં માર્ક ૪/૧ થી વાદગ્રસ્ત જમીનની ગામ નમુના નં.૮–અ ખાતા નં.૧૧૪ ની પ્રમાણીત નકલ તથા માર્ક ૪/ર થી રેવન્યુ સર્વે નં.પ૪ ની ૭–૧ર ની પ્રમાણીત નકલ તેમજ માર્ક ૪/૩ થી રેવન્યુ સર્વે નં.પપ તથા માર્ક ૪/૪ થી રેવન્યુ સર્વે નં.પ૩ ની ૭–૧ર ની પ્રમાણીત નકલો રજુ કરેલ છે જેમાં આ કામના પ્રતિવાદી તથા વાદીના નામ જણાય આવે છે. વાદીની મનાઈ અરજીની હકીકત મુજબ હાલના વાદીઓએ સ્વ.લાલજી અંબાવીભાઈ ભુતની પાસે આવેલ જમીનના ભાગ પાડયા બાદ ઉપરોકત સર્વે નંબરવાળી જમીન તેમના માતૃશ્રીની હૈયાતી સુધી ખેડી ખાવા તથા ભરણપોષણ માટે રાખવામાં આવેલ. જયારે પ્રતિવાદી નં.ર/૧ થી ર/પ તથા નં.૬ નાએ આ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ તેમના લેખિત જવાબના સમર્થનમાં માર્ક ૪ર/૧ થી ૪ર/ર૦ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે જે વંચાણે લેતા માર્ક ૪ર/૯ થી રે.દિ.મુ.નં.૪૩/પ નો ચુકાદો રજુ કરેલ છે જેના આખરી હુકમમાં સદર દાવાવાળી મિલ્કતના મુળ માલીક ગુજરનાર લાલજીભાઈ અંબાવીભાઈ ભુતના વાદી એકમાત્ર સંપુર્ણ વારસ હોવાનું અને વારસાઈની રીતે તેમની હૈયાતી સુધી આ મિલ્કત ઉપર કબજો ભોગવટો ધરાવવા હકકદાર હોવાનું અને આ જમીનો વાવવા તેમજ ઉત્પાદન લેવાનો હકક,અધિકાર હોવાનું ઠરાવેલ છે. આમ, સદર હકીકત વંચાણે લેતા વાદવાળી મિલ્કતમાં પ્રતિવાદીઓનો કોઈ હકક, હિસ્સો હોય તેવી હકીકત જણાય આવતી નથી. જયારે માર્ક ૪ર/ર થી સદર હુકમ સામે નામ.જુનાગઢ જીલ્લા અદાલતમાં રે.દિ.અપીલ નં.૯૪/૧૩ થી દાખલ કરતા તે અપીલ પણ કાઢી નાંખતા અગાઉનો હુકમ કાયમ રાખવામાં આવેલ છે. જયારે વાદીએ ર૦૦પ માં અનુ.નં.૧પ૩ નું જે વીલ કરેલ છે તે પણ સ્વ.પાર્વતીબેન લાલજીભાઈએ તેમના પતિશ્રી લાલજીભાઈ અંબાવીભાઈ ભુતે તા.૩૦/૧૦/૧૯૯૯ ના રોજ જે વીલ કરી આપેલ છે તે તેમના

પુત્ર જમનાદાસ લાલજીભાઈ ભુત સાથે રહેતા હતા અને તેમની સેવા ચાકરી કરતા હતા તેવી હકીકતો જણાવેલ છે. જેથી સદર મિલ્કતના માલીક તેમના પુત્ર જમનાદાસ લાલજીભાઈ ભુતને જણાવેલ છે.

।૧૩। વધુમાં વાદીએ તેમની અરજીના સમર્થનમાં **૨૦૧૧(૧૮) સી.પી.જી.જે.૧૦ સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૪૩૬૬/૧૪, ચંદનગીરી અમૃતગીરી ગોસ્વામી વિ. ગુજરાત રાજય**નો ચુકાદો રજુ કરેલ છે તેમજ આ ચુકાદાની હકીકત મુજબ દલીલ કરેલ છે કે, ભારતીય બંધારણમાં જણાવેલ જોગવાઈઓ મુજબ કોઈપણ માણસના નેચરલ જસ્ટીસનો ભંગ થાય ત્યારે તે તેની રેમેડી મેળવવા હકકદાર થાય છે પરંતુ હાથ ઉપરના કેસની હકીકત વંચાણે લેતા વાદી તરફે સદર દાવાવાળી મિલ્કત પ્રતિવાદી નં.રનાએ તેમના પિતાશ્રી પાસેથી તેમની માતા પાસે આવેલ મિલ્કતમાંથી ગેરકાયદેસર રીતે પડાવી લીધેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર જણાય આવતી નથી. વધુમાં માર્ક ૪૨/૨૦ થી હીરાલાલ લાલજીભાઈ ભુતનું સોગંદનામુ રજુ થયેલ છે જે રે.દિ.મુ.નં.૪૩/૦૫ ના કામે રજુ કરવામાં આવેલ જેની હકીકત મુજબ તેમના માતૃશ્રી પાર્વતીબેન લાલજીભાઈ ભુત તેમના પુત્ર જમનાદાસ સાથે ૪, ૫ વર્ષથી રહેતા આવેલ છે અને જમીનનો કબજો પ્રતિવાદીનો હોવાની હકીકત જણાવે છે. વધુમાં વાદીએ ખોટી રીતે મનાઈ હુકમની માંગણી કરેલ છે પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ સદર દાવા નં.૪૩/૦૫ નો ચુકાદો વાદીના લાભમાં આવેલ હોય તેમજ અનુ.નં.૧૪૩/૦૫વાળુ વીલ પાર્વતીબેન લાલજીભાઈ ભુતનાઓએ જમનાદાસ લાલજીભાઈ ભુતની તરફેણમાં યોગ્ય રીતે કરી દીધેલ હોય વાદી તેમની મનાઈ અરજીમાં જે હકીકત જણાવે છે તેને કોઈપણ રીતે સમર્થન મળતું નથી એટલે કે વાદી હાલના તબકકે તેવી કોઈ હકીકત પુરવાર કરતા નથી તેમજ પ્રતિવાદી તરફે રજુ થયેલ માર્ક ૪૨/૧ થી જમનાદાસ લાલજીભાઈ ભુતનું સોગંદનામુ તથા તે હેઠળ થયેલ ઉલટ તપાસ ધ્યાને લેતા પણ વાદીની મનાઈ અરજીની હકીકતોને કોઈપણ રીતે સમર્થન મળતું નથી. વધુમાં માર્ક ૪૨/૪ થી રે.દિ.મુ.નં.૧૧૬/૦૧

જે હાલના પ્રતિવાદી નં.ર નાએ પ્રતિવાદી નં.૪ ઉપર કરેલ દાવાનો આખરી હુકમ વંચાણે લેતા સદર દાવો મંજુર કરેલ હોય જેથી પણ વાદી જે હકીકત લઈને મનાઈ અરજી તથા દાવો લાવેલ છે જેનાથી વાદીની મનાઈ અરજીને કોઈપણ રીતે સમર્થન મળતું નથી. વધુમાં આ કામે પ્રતિવાદી નં.૩, ૪ તથા ૫ નાઓએ વાદીની દાવા અરજીને એડોપ્ટ કરતી યાને કે સમર્થન કરતી હોય તેવી હકીકતો જણાવેલ છે. તેમાં પ્રતિવાદી નં.૪ નાઓએ તેમના લેખિત જવાબમાં પ્રતિવાદી નં.ર તરફે રજુ થયેલ રે.દિ.મુ.નં. ૪૩/૦૫ ના કામે જે હુકમ થયેલ તે કન્ફર્મ રહેલ હોવાની હકીકત જણાવતા હોય તેઓ આડકતરી રીતે પ્રતિવાદી નં.ર ને સમર્થન કરતા હોય હાલના તબકકે વાદીની મનાઈ અરજીની હકીકતોને પ્રથમ દર્શનીય રીતે માની શકાય નહી. વધુમાં પ્રતિવાદી નં.ર તથા ૬ તરફે માર્ક ૪ર/૧૬ થી બક્ષીસનો દસ્તાવેજ રજુ થયેલ છે, તેમાં બક્ષીસ સ્વીકારનાર તરીકે પ્રતિવાદી નં.ર નું નામ જણાય આવે છે તેમજ બક્ષીસ આપનાર પાર્વતીબેન લાલજીભાઈનાઓનું નામ જણાય છે. વધુમાં પ્રતિવાદી નં.ર તથા ૬ નાએ તેમની આંક–પર થી રજુ થયેલ લેખિત દલીલમાં કેટલાક ચુકાદાઓ ઉપર આધાર રાખે છે તે મુજબ એ.આઈ.આર.૧૯૮૬ એસ.સી. ૭૯ ના ચુકાદા મુજબ પાર્ટીશન ના થયું હોય ત્યા સુધી મિલ્કત સંયુકત ગણાય તથા પાર્ટીશન થયા પછી મિલ્કત સંયુકત રહેતી નથી તેમજ ૧૯૮૮(ર) જી.એલ.આર.૯૦ર ના ચુકાદા મુજબ ખરી હકીકતો છુપાવીને મનાઈ હુકમ લેવા માટે આવેલ વ્યકિતને મનાઈ હુકમ ન મળે તેમજ રે.દિ.મુ.નં.૪૩/૦૫ ના કામે અત્રેની કોર્ટથી નામ.ગુજરાત હાઈકોર્ટ સુધી હિન્દુ વારસા ધારાની કલમ–૧૪ અંગેના રજુ થયેલ ચુકાદા ૧૯૯૯(૧) જી.એલ.એચ. પેજ નં.૬૬૩ (સુ.કો.), એ.આઈ.આર. ર૦૦૮ (સુ.કો.) ૫૦૦, એ.આઈ.આર.૧૯૯૬ (સુ.કો.)૮૫૫ જે ચુકાદાઓની હકીકત હાલના કેસને લાગુ પડે છે તેમજ એ.આઈ.આર.ર૦૦૫, પંજાબ – હરિયાણા, ૪૯ ના ચુકાદાની હકીકત મુજબ વીલથી મિલ્કતની વ્યવસ્થાના અધિકાર છે તેમજ તેવું વીલ કાયદેસર ગણાય છે.

આ ચુકાદા સાથે અત્રેની કોર્ટ સંમત થાય છે.

।૧૪। આમ, વાદીની મનાઈ અરજીની હકીકત ધ્યાને લેતા તેમના માતા પાર્વતીબેન તેમના પિતાશ્રીના અવસાન બાદ વાદગ્રસ્ત મિલ્કત સર્વે નં.૫૩, ૫૪, ૫૫ વડીલોપાર્જીત છે અને તેમાં તેમનો પણ ભાગ પોષાય છે તે મુજબ તેઓ સ્વ.લાલજી અંબાવી ભુતના સીધીલીટીના કુલ વારસદારોમાં ૧/૬ ભાગ મેળવતા હોવાની હકીકત જણાવે છે તે મુજબ પ્રતિવાદી નં.૨ તથા ૬ નાએ જે દસ્તાવેજી પુરાવાઓ તથા હકીકતો રજુ કરેલ છે તે મુજબ હાલના વાદીને ઉપરોકત દાવાવાળી મિલ્કતમાં ભાગ મેળવવા માટે જે મનાઈ અરજી લાવેલ છે તેમાં કોઈ તથ્ય જણાય આવતું નથી તેમજ પ્રતિવાદી તરફે રજુ થયેલ ચુકાદો ૧૯૮૮(૨) જી.એલ.આર. પેજ નં.૯૦૨ ની હકીકત મુજબ જયારે કોઈપણ પક્ષકાર સપ્રેશન ઓફ ફેકટ કરી મનાઈ હુકમ લેવા આવેલ હોય તેવા પક્ષકારને મનાઈ હુકમ આપી શકાય નહી. આ ચુકાદા સાથે અત્રેની કોર્ટ સંમત થાય છે તેમજ પ્રતિવાદી નં.૨ અને ૬ નાએ આંક–૪૨ ના લીસ્ટથી જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તેની હકીકત જોતા પણ વાદીને હાલના તબકકે મનાઈ હુકમ આપી શકાય નહી તેવું અત્રેની અદાલતનું માનવું છે.

।૧૫। વધુમાં મનાઈ હુકમના સિધ્ધાંતોની ચર્ચા કરવામાં આવે તો મનાઈ હુકમ માંગવા આવનાર પક્ષકારે તેના ત્રણે સિધ્ધાંતો પુરવાર કરવા પડે. પરંતુ હાલના કેસમાં વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ જણાય આવતો નથી તેમજ સગવડતા અગવડતાનું પલ્લુ પણ વાદીની તરફેણમાં જણાતું નથી. જયારે પ્રતિવાદીઓ વિરૂધ્ધ મનાઈ હુકમ આપવાથી મલ્ટી પ્રોસીડીંગ ઉભા થાય તેમ છે. જયારે વાદીને મનાઈ હુકમ ના આપવાથી વાદીને કોઈ નુકશાન થાય તેમ નથી. આમ, વાદી મુદ્દા નં.૧ થી ૩ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## —: હુ ક મ :—

૧ : વાદીની અંક—૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨ : અરજીનો ખર્ચ દાવાને પરીણામને અનુસરશે.

આજ તા.૧૦મી માહેઃ ડીસેમ્બર, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર
તા.૧૦/૧૨/૨૦૧૯

( રીયાઝુદ્દીન ગનીભાઈ મનસુરી )
પ્રીન્સીપાલ સીવીલ જજ
માણાવદર
જીજે ૦૧૧૫૯